**ક્યાંય** કશું નહોતું!

કદાચ હશે પણ મને દેખાયું નહીં!

કદાચ મારો જ પડછાયો ઘટ-ઘેરો બનીને વિસ્તર્યો હોવાની શક્યતા સ્વીકારું ન સ્વીકારું, ને મારો જન્મ થયો!

હું મારાં મા–બાપનું બીજું સંતાન. પ્રથમ દીકરી. એનું નામ સદા રાખવામાં આવ્યું હતું ને લાડમાં સદુ કહેતા હતા!

મારો જન્મ એટલે અંધકારમાંથી અજવાળામાં આવવાની ઘટના!

અચાનક મારી આંખ ખૂલી! ઘડી પહેલાં મારી આસપાસ અંધકાર સિવાય બીજું કશું જ નહોતું! આંખ ખૂલતાંની સાથે જ અજવાળાં પહેરીને ઊભેલી આખી દુનિયા મારી આંખ સામે તરવરતા લાગી! એ દુનિયા પ્રત્યે ગમા-અણગમા જેવી કોઈ અનુભૂતિ નહીં! મેં આંખ મીંચી દીધી.

થોડી વારે ફરી આંખ ખૂલી. થોડું થોડું કશુંક ગમવા લાગ્યું! હવે કાન પણ કામે લાગી ગયા. આંખ કરતાં કાન વધુ સમૃદ્ધ થઈ ગયા. જે નજરે ચડતું નહોતું એવું બધું કાને પડવા લાગ્યું. મુબારક-સલામત જેવા શબ્દો કાને પડ્યા! નજરનો વિસ્તાર સીમિત હતો. જે સામે હોય એ જ દેખાય. નજરના ઇલાકા બહારનું અને અંદરનું, દેખાય ન દેખાય એવું બધું કાનને પ્રાપ્ત થવા લાગ્યું!

સંગીત જેવો શબ્દ હજી કાને પડ્યો નહોતો, પણ એવો જ કશો અજાણ્યો રવરવાટ કાનને રમાડવા લાગ્યો! મિક્સિંગ અને રીમિક્સ ટૅક્નોલૉજી હજી વહેવારમાં આવી નહોતી, છતાં કાનને જે પ્રાપ્ત થયું તે ટૅક્નોલૉજી પૂર્વેના મિક્સિંગની અદ્‌ભુત અનુભૂતિ હતી!

એ મિશ્રણ શું હતું? શેના વડે હતું?

ભેંસો દોહાતી હતી! ભેંસના આંચળમાંથી ધસમસતી આવતી પાતળી છતાં ધોધની શક્તિ ધરાવતી દૂધની શેડો બોઘરણામાં પડતી. એમાંથી ઉત્પન્ન થતા મનગમતા ધ્વનિમાં તબલાની ધિનતડાક થાપ અને પાયલની ઝણકારના મિશ્રણ જેવો વલોણામાંથી ઉદ્‌ભવતો ઘૂમડછમ્મ, ઘૂમડછમ્મ... ધ્વનિ દૂધની શેડોના ધ્વનિમાં ભળી જવાની પ્રક્રિયામાંથી જે એક નવો રણકો ઉમેરાતો હતો, એ કાચની બંગડીઓનો રણકો હતો. બંગડીઓ પહેરેલો હાથ અનાજ દળવાની ઘંટીનો ખીલડો ઝાલીને ઘંટીના ઉપલા પડને ફેરવતો ત્યારે હાથમાં

બંગડીઓ પણ કાંડાથી કોણી સુધી હડિયાદોટ કરવા મંડી જતી અને એ હડિયાદોટનો પગરવ રણકારે ચડી જતો! દૂધની શેડો, વલોણું અને ઘંટી ફેરવતા હાથની બંગડીઓનો રણકાર એકમેકમાં એવાં ભળી જતાં કે સાંભળવા ગમે જ!

આ ત્રિવેણી સંગમ જેવા સંગીતને દાદ દેતો હોય તેમ આંગણે લીમડાની ડાળે બેઠેલો કૂકડો હોંકારો દેતો, એ સાથે જ પક્ષીઓનો કલરવ અને કોયલનો ટહુકો... વહેલી સવારે એક અદ્‌ભુત વાતાવરણ સર્જાતું હતું! ને એ મુલાયમ વાતાવરણની વચ્ચે ગાઢ અંધકારમાં ભૂખરું ભૂખરું મખમલી અજવાળું પ્રસરવા માંડતું!

એવા આહ્લાદક વાતાવરણમાં મારો જન્મ થયો!

ધનતેજ મારું જન્મસ્થળ! વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલું મારું ગામ ધનતેજ! વડોદરાથી પિસ્તાલીસથી પચાસ કિલોમીટરના અંતરે!

ઉપર જણાવ્યા મુજબ વાતાવરણને અનુલક્ષીને એટલું તો ખાતરીપૂર્વક કહી શકું કે પ્રાકૃતિક સંગીતભર્યા વાતાવરણમાં વહેલી સવારે મારો જન્મ થયો હતો. મારા જન્મ પછી જ સૂરજ ઊગ્યો હતો. અર્થાત્ હું અંધારામાંથી અજવાળામાં આવ્યો, એ પછી જ જગતને સૂર્યપ્રકાશ પ્રાપ્ત થયો હતો. એ મારા જન્મની પ્રથમ સવાર હતી. મારા પિતાની પરચૂરણ ડાયરી મુજબ મારો જન્મ 12 ડિસેમ્બર, 1935ના રોજ થયો હતો. એમાં સમયનો ઉલ્લેખ નહોતો. પણ મને મારી દાદીમાએ શાબ્દિકરૂપે ઉપર મુજબ સમયચિત્ર દોરી આપ્યું હતું. પછી માએ પણ ઉપર મુજબનું વાતાવરણ મારી સમક્ષ રજૂ કર્યું હતું.

હું જન્મ્યો ત્યારે આખું ફળિયું જાગી ઊઠ્યું હતું. ફળિયું શું, આખું ગામ જાગી ગયું હતું. આમેય ગામને તો વહેલા ઊઠી જવાની ટેવ હતી! વહેલા ઊઠી જવું, એ ગામલોકોના લમણે લખાયેલું હતું! વહેલા ઊઠવું, એમની મજબૂરી હતી! એ મજબૂરી ધીમે ધીમે ટેવ બની ગઈ! ભરભાંખળું થાય એ પહેલાં જ ગામનો નિત્યક્રમ શરૂ થઈ જતો હતો! એમાં મોટા ભાગે મહિલાવર્ગ જોતરાઈ જતો હતો. વહેલી સવારે ભેંસો દોહવાની, વહેલી સવારે જ ઘંટીએ દળવા બેસવાનું! પછી એ જ લોટના રોટલા ટીપવા ચૂલા આગળ બેસવાનું! બેડાં લઈને નદીએ પાણી ભરવા જવાનું! લૂગડાંલતાંય ધોવાનાં! છાણ-વાસીદું કરવાનું, ચા-નાસ્તો તૈયાર કરવાનો! આ બધું મહિલાઓએ જ કરવાનું! થોડાક સુખીસંપન્ન ખેડૂતને ત્યાં કામવાળી હોય. બાકીનાં મોટા ભાગનાં ઘરોમાં મહિલાઓએ આ બધાં કામો જાતે જ કરવાનાં! પુરુષો બે કામમાં મદદરૂપ થાય, ઢોર બાંધવાના કોઢિયામાં લાકડીની નાની પાવડીથી છાણ ઉશેડીને ખૂણે ઢગલી કરી આપે. ધૂળ ભભરાવીને કોઢિયું કોરું કરી આપે. વલોણામાં પણ પુરુષ મદદરૂપ થાય. બે જણને નેતરાં ઝાલવાં પડે. બે ભેંસનું વલોણું ભેગું કર્યું હોય તો નેતરાં તાણવમાં ત્રણ માણસોની જરૂર પડે. પુરુષવર્ગમાં આ કામ મોટા ભાગે ચાકરો જ કરતા હોય.

સવારે ચા-નાસ્તો કરીને પુરુષવર્ગ સીમશેઢે નીકળી જાય. એ પછી મહિલાઓ નિરાંતનો શ્વાસ લેવા થોડી વાર જંપીને બેસે ન બેસે અને લૂગડાં ધોવા તગારું માથે મૂકીને નદીએ પહોંચી જાય. રોજેરોજ ધોવાતાં લૂગડાંમાં સાબુ વાપરવાનો રિવાજ પ્રચલિત નહોતો!

સાલ્લાભેર ઘાઘરાનો કાછડો વાળીને મહિલાઓ લૂગડાં ધોવા મંડી પડે. કાં તો કપડાંને ઝીંકાટે ને કાં તો પાયાટે, ને લૂગડું ધોવાઈ જાય! સાબુ વગર ધોવાતાં સફેદ કપડાં સમયાન્તરે આછા બદામી રંગનાં થઈ જાય! લૂગડાં ધોઈને નદીએથી આવ્યા પછી રોટલા ઘડવા ચૂલે બેસી જવાનું! રોટલા-શાક તૈયાર થઈ જાય એટલે ખેતરે ભાથું મોકલવાનું. કોઈ લઈ જનાર ન હોય તો મહિલાએ જાતે જ ભાથું લઈને ખેતરે જવું પડે! ટૂંકી જમીનવાળા, નોકરચાકર ન રાખી શકે એવા ખેડૂતો અથવા ખેતમજૂરવર્ગમાં સવારના નાસ્તા સાથે જ બપોરનું ભાથું તૈયાર કરીને મહિલાઓ પણ પુરુષો સાથે સવારથી જ ખેતરમાં પહોંચી જાય. પુરુષો હળ લાકડું ફેરવે અને મહિલાઓ ઘાસ નીંદવા બેસી જાય!

આમ જોઈએ તો ગામડાનું વાતાવરણ બહુ શાંત. પરંતુ વહેલી સવારે આખું ગામ રઘવાયું થઈ જાય! દૂધ-વલોણાનો અવાજ, ઘંટી ફેરવતા હાથની બંગડીઓનો રણકાર, પક્ષીઓનો કલરવ... આ બધું જ આહ્લાદક હોય પરંતુ કાન ધરીને માણવાનો સમય ન હોય! એ બધું આવશ્યક પણ ના હોય! રોજેરોજનું હોય! કશું નવું ન હોય! કાને ચડ્યું તોય શું ને ન ચડ્યું તોય શું?

મારા દાદા તાજ મહંમદે મારું નામ ખલીલ રાખ્યું હતું. મારા પિતા ઇસ્માઇલ મારા નામકરણ માટે મૌલવી મઆરૂફ પાસે પહોંચી ગયા અને દાદાએ જે નામ સૂચવ્યું હતું તે કહ્યું. મૌલવીસાહેબને એકલું ખલીલ અધૂરું લાગ્યું! એમણે ખલીલની આગળ ઈબ્રાહીમ જોડવાનું સૂચન કર્યું. એમનું આ સૂચન કુરાનમાં દર્શાવેલી ઐતિહાસિક વિગતને આધારે હતું. હજરત મોહંમદ પયગંબર (સ.અ.) હિજરીસન પૂર્વે અને ઈસવીસન પૂર્વે એમની જ પુરોગામી સત્તરમી પેઢીમાં ઈબ્રાહીમ (અ.સ.) નામના પયગંબર થઈ ગયા. જેમણે એક જ અલ્લાહ (એકેશ્વર)ની ઘોષણા કરી હતી અને કાબાતુલ્લાહ (અલ્લાહના ઘર)ની સ્થાપના કરી હતી! કુરાન અનુસાર ઈબ્રાહીમ (અ.સ.)ને ખલીલનો ખિતાબ અલ્લાહ તરફથી મળ્યો હતો. ખલીલનો અર્થ મિત્ર! એટલે ઈબ્રાહીમ (અ.સ.)ને ખલીલુલ્લાહ (અલ્લાહના મિત્ર)નો દરજ્જો મળ્યો હતો. આજે પણ એમને ખલીલુલ્લાહ કહેવામાં આવે છે. સદીઓ પછી ઇસ્લામની સ્થાપના મોહંમદ સા. (સ.અ.) એ કરી હતી. બંને પયગંબરોની એક જ અલ્લાહની માન્યતા હોવાથી આજે પણ ઇસ્લામના અનુયાયીઓમાં કાબાતુલ્લાહ-ખાન-એ-ખુદા (ખુદાનું ઘર) ખાસ મહત્ત્વ ધરાવે છે. આજે પણ હજના સમયે કાબાના તવાફ (પરિક્રમા) કરવાનું ફરજિયાત મનાય છે.

હજરત ઈબ્રાહીમ (અ.સ.)ને અલ્લાહના મિત્રનો દરજ્જો મળ્યો હોવાની ઘટનાને ધ્યાનમાં રાખીને મૌલવીએ મારું નામ ઈબ્રાહીમ ખલીલ રાખવા કહ્યું હતું! ઈબ્રાહીમ પયગંબર (અ.સ.)ના પુત્રનું નામ ઇસ્માઇલ હતું! જોગાનુજોગ મારા પિતાનું નામ ઇસ્માઇલ છે! ઈબ્રાહીમ (અ.સ.)ના પિતાનું નામ 'આઝર' હતું અને તે માટીની મૂર્તિઓ બનાવીને વેચવાનું કામ કરતા હતા. મારા પિતા ખેતી કરતા હતા. એટલે કે બંનેના પિતા માટી ઉથામતા હતા! સમય જતાં ઈબ્રાહીમ અને ખલીલ છૂટા પડી ગયા. વર્ષો પછી ખલીલની આભા નીચે ઈબ્રાહીમ ઢંકાઈ ગયો અને ખલીલ પંકાઈ ગયો.

**સવારનું** ભરભાંખળું એટલે પોચું પોચું અંધારું અને બરફના રંગ જેવો મખમલી ઉજાસ સૂરજના આગમનની છડી પોકારતો હતો, એવા સમયે મારો જન્મ થયો.

પછી તો કેટલાય કૂકડા બોલ્યા, કેટલાય ટહુકા ઝીલ્યા, કેટલાય સૂરજ ઊગ્યા ને આથમી ગયા અને ફરી ઊગ્યા. સૂરજની રોજેરોજની આવનજાવન વચ્ચે અચાનક મેં પડખું ફેરવ્યું! ગઝલનો કોઈ અદ્ભુત શેર સાંભળી શ્રોતાઓ દાદ આપતી તાળીઓ પાડે એમ, મારી આસપાસના ત્રણચાર જણ તાળી પાડી ઊઠેલા – જુઓ જુઓ બાબલાએ પડખું ફેરવ્યું! મને ચત્તોપાટ સુવાડવામાં આવતો હતો. પગનો અંગૂઠો ચૂસ્યા કરતો હતો અને અજાણતાંએ જ પડખું ફેરવાઈ ગયું! અને તાળી પડી! પડખું ફેરવવું એ જન્મ્યા પછીની મારી પ્રથમ સૌથી મોટી કારકિર્દી હતી અને જીવનમાં પહેલી જ વાર તાળીઓના ગડગડાટ સાથે મેં દાદ મેળવી હતી. કદાચ એ દાદથી પ્રોત્સાહિત થઈને હું રોજ કશું નવું કરવામાં પ્રવૃત્ત થઈ જતો! પડખું ફર્યો એના ત્રીજા જ દિવસે ઊંધા પડીને દુનિયાને પહેલી વાર એના પગ પર ઊભેલી મેં જોઈ. મને એ દુનિયા ગમી. દુનિયા સાથે કદમ મિલાવીને ચાલવાની સમજ કેળવાય એ પહેલાં જ દુનિયા સાથે હાથ મિલાવવાની ઇચ્છા થઈ અને મેં પ્રયત્ન કર્યો. પેટથી ઊંચો થઈને થોડુંક આગળ સરક્યો, ફરી થોડો આગળ સરક્યો! દુનિયામાં આવીને દુનિયાને પામવાનો મારો આ પ્રારંભિક સંઘર્ષ મુરસ્સા ગઝલ જેવો હતો જેને પ્રત્યેક શેર પર દાદ મળતી હતી.

ઊંધા પડી સરકતાં સરકતાં અનાયાસે જ હું બે હાથ અને બે ઘૂંટણ વચ્ચે ઊભો થઈ ગયો. તગારામાં ભરેલા પાણી પર તરતી મૂકેલી કાગળની હોડીની જેમ થોડી વાર હું હાલકડોલક થયા કર્યો! અચાનક પગ ઊપડ્યો. ઘૂંટણિયે ચાલવાનું શરૂ થઈ ગયું! પછી તો માએ અને દાદાદાદીએ એમના બંને હાથની આંગળીઓ મારા બંને હાથમાં પકડાવી મને ઊભો કર્યો. આખી દુનિયા મુઠ્ઠીમાં આવી ગઈ હોય એવી તાકતથી હું સૌની આંગળી ઝાલીને ઊભો થઈ જતો. પછી એ હાથ મને એમના તરફ ખેંચવા લાગ્યા. ક્યારેક એમની તરફ આખેઆખો ઝૂકી જતો અને ક્યારેક પગ ઊંચકાઈ જતો ને ડગલું ભરાઈ જતું! ધીમે ધીમે ડગ ભરતાં શીખી ગયો. પછી તો આપમેળે જ લથડિયાં ખાતાં ચાલવા માંડ્યું અને પછી દોડવાય માંડ્યું. બસ ત્યારથી દોડવાનું શરૂ થયું તે આજ દિન સુધી – આ લખાય છે ત્યાં સુધી હું થાક્યો નથી, એનો મને ગર્વ છે :

*જિંદગી, તારાથી હું થાક્યો નથી,*
*તું જો થાકી જાય તો કહેજે મને.*

જન્મ્યો ત્યારથી જંપ્યો નથી. જંપી શકાયું હોત તો ચત્તો સૂતાં સૂતાં પડખું ના ફેરવી શક્યો હોત! ઘૂંટણિયે ચાલવામાં જ જંપી ગયો હોત તો ઊભા થઈને બે પગે ચાલતાં ના આવડ્યું હોત! રોજ સૂરજ ઊગે અને કંઈક નવું શીખવાનું મારી સામે આવી જતું!

મારા જન્મ પછી ત્રણેક વર્ષે માના ખોળે મારો નાનો ભાઈ આવ્યો. એને યુસુફ નામ અપાયું. મારી મોટી બહેન સદા (સદ્દુ) મારાથી ત્રણ વર્ષ મોટી હતી. કૂકા રમતી હતી. એની સંગતમાં બેસીને મને પણ કૂકા રમતાં આવડી ગયું. પાંચ-પાંચ સાત-સાત વર્ષની છોકરીઓ ટોળે વળીને – 'ચલો શાદી-શાદી ખેલેં!' જેવી રમત આદરતી. મને વરરાજા બનાવવામાં આવે. એમાંની જ કોક છોકરીને દુલ્હન બનાવી દેવામાં આવતી. લગ્નનાં ગીતો ગવાતાં. ઢોલની જગ્યાએ પતરાનું ડબલું વગાડવામાં આવતું! શાદીની રસમ અદા થતી. આ બધાનો અર્થ મને સમજાતો નહોતો પણ મને ગમ્મત પડતી હતી. બાળરમત દ્વારા યોજાતાં આ બનાવટી લગ્નના આનંદ વચ્ચે ઓચિંતો જ અમારા ઘરમાં વાસ્તવિક માતમ છવાઈ ગયો. બધાં કહેતાં કે નંદુરબારથી તાર આવ્યો છે. મને કંઈ જ સમજાતું નહોતું. બધાંની આંખમાંથી ધારદાર અશ્રુપ્રવાહ વહેતો હતો. હીબકાં સંભળાતાં હતાં! મા માથું પછાડતી હતી. દાદી છાતી કૂટતી વલોપાતે ચડી હતી. દાદાના ગળામાં પહાડ જેવો ડૂમો બાઝ્યો હતો. વલોપાત, વલોપાત અને વલોપાત!

આ બધાની વચ્ચે પરિસ્થિતિથી અજાણ ને અવાચક હું બધાંને જોઈ રહ્યો હતો! મને એ વાતનો ય એહસાસ ના થયો કે મારા શિરેથી બાપનું છત્ર છીનવાઈ ગયું છે! હું પાંચ વર્ષનો હતો. હું એકલો જ છત્ર વિહોણો નહોતો થયો. મારી મોટી બહેન સદા અને નાનો ભાઈ યુસુફ, અમે ત્રણ ભાઈ-બહેન બાપની છત્રછાયા ગુમાવી ચૂક્યાં હતાં. મારા પિતાની ઉંમર ત્યારે એકત્રીસ વર્ષની હતી. મારી મા ભરયુવાનીમાં વિધવા થઈ હતી. તાર આવ્યાની ખબર વાયુવેગે ગામમાં ફરી વળી! અડધું-પોણું ગામ મારા આંગણે ઊમટી પડ્યું. આખું ફળિયું ચિક્કાર થઈ ગયું હતું. બધાંની આંખો પણ અશ્રુથી ચિક્કાર! પિતાના મિત્રો જોરજોરથી રડવા લાગ્યા હતા. બધાંને રડતાં જોઈને અમે પણ રડવા માંડ્યાં હતાં. આ વલોપાતનો થોડોઘણો અર્થ મારી બહેન સદાને કદાચ સમજાયો હશે. એ રડતીરડતી ભીંત સાથે ચોંટી ગઈ હતી. મને અને યુસુફને રોતી કકળતી ભીડમાંથી કોઈ બહાર લઈ ગયું.

મારા પિતાનું અવસાન મહારાષ્ટ્રના નંદુરબારમાં થયું હતું. મારા પિતાનાં સગાં ફોઈ-ફુઆ નંદુરબારમાં રહેતાં હતાં અને નિઃસંતાન હતાં. નંદુરબારથી ત્રીજા સ્ટેશનના અંતરે ખાંડબારા નજીકના ઉચ્છલ તાલુકાના 'કરોડ' ગામમાં ફુઆની બસો વીઘા જમીન હતી. (1960માં મહારાષ્ટ્રથી ગુજરાત અલગ થતાં કરોડ ગામ અને ઉચ્છલ તાલુકો ગુજરાતના સુરત જિલ્લામાં સમાવી લેવામાં આવ્યાં છે.) ખેતી ઉપરાંત પિતાના ફુઆ શફીમહંમદ મકરાણી જલાઉ તથા ઇમારતી લાકડાના જથ્થાબંધ વેપારી હતા. સાગ અને શીશમનાં ઊભાં જંગલો સરકારી હરાજીમાં ખરીદી લેતા હતા. એ પછી જંગલ કાપવાનું શરૂ થતું હતું. મારા પિતાને એમના કામમાં મદદરૂપ થાય એ માટે નંદુરબાર લઈ ગયા હતા. જંગલ કાપવાનું શરૂ થાય ત્યારે મારા પિતાને બીલીમોરા અને વલસાડના આંટાફેરા વધી જતા

હતા! એ સિવાયનો મોટા ભાગનો સમય લાકડાના પીઠા પર પેઢી સંભાળતા હતા. મારા પિતા ત્યાં જ સ્થિર થઈ જવાના હતા. બે વર્ષ ત્યાં ગાળી ચૂક્યા હતા. ચોમાસામાં ખેતી કરવા ચાર મહિના ધનતેજ રહેતા હતા. પિતા ત્યાં સ્થિર થઈ જાય એ કુદરતને મંજૂર નહોતું. મારા પિતાને બળિયા નીકળ્યા હતા. બળિયાના મોટા દાણા મોઢા સહિત આખા શરીર પર ઊપસી આવ્યા હતા. એ વખતે બળિયાની દવા શોધાઈ નહોતી. શીતળાની રસી મુકાતી નહોતી. બચવાની કોઈ આશા નહોતી. નંદુરબારથી તાર આવ્યો અને અમારું આખું ઘર, ઘરે તાળું મારીને, નંદુરબાર જવા રવાના થઈ ગયું. મારા પિતાની હાલત જોઈને મારાં દાદા-દાદી અને મા વિગેરે ભાંગી પડ્યાં. બળિયો ભયંકર હતો અને નિરૂપાય હોવાથી બચવાની શક્યતા નહોતી! એમને પલંગ પર સુવાડ્યા હતા અને સફેદ ચાદર ઓઢાડી હતી. આખીય ઘટનામાં સફેદ ચાદર મારા ચિત્ત પર છવાઈ ગઈ હતી. એ પલંગ અને એ સફેદ ચાદર આજે પણ મને દેખાયા કરે છે. એ સિવાય મને કશું યાદ નથી. પિતાનો ચહેરો પણ મને યાદ નથી! એમનો જનાજો નીકળ્યો, એ દૃશ્ય મારા ખ્યાલમાં નથી. પિતાને નંદુરબાર દફનાવીને – અમારું સર્વસ્વ લૂંટાવીને અમે બધાં પાછા ધનતેજ આવી ગયાં!

મારા પિતાના અવસાનથી અમારા પરિવારમાં શૂન્ય અવકાશ છવાઈ ગયો. દાદા ભાંગી પડ્યા. એકાએક એમની ઉંમર દસ વર્ષ વધી ગઈ હતી. માનું સૌભાગ્ય હણાઈ ગયું હતું. ભરયુવાનીમાં માના દુપટ્ટાનો રંગ ફીકો પડી ગયો. મારા પિતા, એ મારા દાદાનો એક જ દીકરો. દાદાનો તો વંશવેલો જ ટૂંપાઈ ગયો. અમે ત્રણ ભાઈબહેન નાનપણમાં જ બાપની છત્રછાયાથી વિમુખ થઈ ગયાં. દાદાનાં વૃદ્ધ માતાપિતા હયાત હતાં અને એકના એક જુવાન દીકરાનું અવસાન થયું હતું.

સમય તમને રડાવે ખરો, પરંતુ તમારી સાથે એ રડવા ના બેસે! જેટલું રડાવવું હોય એટલું રડાવીને, તમને ખબર ન પડે એ રીતે તમારાં અશ્રુ લૂછીને તમારાં ડૂમા, ડૂસકાં ખંખેરીને તમને એવા કામે લગાડી દે કે તમારો આઘાત ઓસરવા માંડે!

બધાં કામે લાગી ગયાં હતાં. દાદાએ અમારા ઉછેરમાં જીવ પરોવ્યો. એમના વંશવેલાનો બધો આધાર અમે બે પૌત્ર જ હતા. એટલે અમારા પર દાદાનું ધ્યાન કેન્દ્રિત થાય એ સ્વાભાવિક હતું. આ વંશવેલો પણ ગજબની માયા છે. એ માયા મિથ્યા છે. ચોથી-પાંચમી પેઢીએ પૂર્વજોનાં નામ ભુલાઈ જતાં હોય ત્યાં વંશવેલો આગળ વધે તોય અર્થ શો? મારાં સંતાનો પાછળ મારું નામ જોડાશે, એમનાં સંતાનો મને દાદા તરીકે ઓળખશે. પણ એ પછીની પેઢીમાં મારું નામ ભૂંસાઈ જશે. છતાં દીકરો જ જન્મે એવો આગ્રહ શા માટે રાખવામાં આવે છે? ભ્રૂણહત્યા શા માટે થાય છે? દીકરો હોય કે દીકરી, શો ફેર પડે છે? આમેય પાંચમી પેઢી પછી કોઈ સગપણ નથી નભતું!

બધું ઠરીઠામ થવા આવ્યું હતું અને મારા નાના ભાઈ યુસુફનું અવસાન થયું! વળી પાછો એક આઘાત! પાછો માના ખોળાનો એક ખૂણો ખાલી થયો. દાદાના વંશવેલામાંથી વળી પાછું એક પાંદડું ખરી પડ્યું! હવે વંશવેલાનો સમગ્ર દારોમદાર મારા એકલા પર નિર્ભર થયો. મારુંય શું ઠેકાણું?

*મારો શો વિશ્વાસ હું તો પાનખરનું પાંદડું,*
*ડાળીએથી કોણ જાણે ક્યારે હું તૂટી પડું!*

મારા દાદાના પિતા ઈસા એકલવાયા હતા. મારા દાદા પણ એકલવાયા, મારા પિતા પણ એકલવાયા અને હું પોતે પણ એકલવાયો. આ એકલવાયાપણું ચાર પેઢી સુધી અમારો પીછો કરતું રહ્યું!

દાદાએ મને છાતીએ વળગાડી રાખ્યો. સાત વર્ષની ઉંમરે મને શાળામાં દાખલ કરી દેવામાં આવ્યો. ત્યારે શાળામાં દાખલ થવા માટે સાત વર્ષની ઉંમર જરૂરી હતી. અમારા ધનતેજ ગામની ગાયકવાડી શાળામાં ત્યારે ચાર ધોરણ સુધીનો જ અભ્યાસક્રમ ચાલતો હતો. મને ખપ જોગું લખતાં-વાંચતાં આવડે એટલું ભણાવવાની દાદાની ઇચ્છા હતી. શાળા મારા ઘરથી પથરો ફેંકે એટલે જ દૂર! આંગણે ઊભાં ઊભાં જ આખી શાળા જોઈ શકાય.

મેં નિશાળે જવા માંડ્યું. હવે કૂકા રમવામાં અને છોકરીઓની રમતમાં વરરાજા બનવામાં શરમ આવવા લાગી. કૂકા છોકરીઓ જ રમે, એવી સમજણ આવતાં મેં કૂકા રમવાનું છોડીને ગિલ્લી-દંડા રમવાનું શરૂ કર્યું. પછી તો ખોખો, હતૂતૂતૂ, ગેડી-દડા અને આમલીપીપળી વિગેરે રમતો ઉમેરાતી ગઈ, શહેરમાં ભણવા ગયેલી અમારા ગામની એક છોકરી નવી રમત લઈ આવી – 'અંડેરી-ગંડેરી ટીપરીટેન!' મને એ રમતમાં કશું સાહસ જેવું દેખાયું નહીં! મને તો ગેડી-દડા અને ગિલ્લી-દંડામાં જ મઝા પડે! જો કે ગેડી-દડા રમવાનું ફાગણ મહિનાથી શરૂ થાય અને હોળીના ભડકા સુધી ચાલતું. પગે કાંટા વાગે, ક્યારેક કોઈની ગેડી માથામાં કે પગમાં ઝપટાય. લેતુડીમાં ખૂબ મઝા આવતી. શાળાના સમયે શાળામાં જવાનું. દાદા સાથે અવારનવાર ખેતરમાં જવાનું. આંબાના ઝાડ પર ચડીને કેરીઓ તોડવામાં મઝા પડે. ક્યારેક ગુંદાના ઝાડ પર ચડ્યો હોઉં. ને ક્યારેક નદી પારના ગીચ ઝાડીવાળા કરંજિયા કોતરમાં કરમદાં ખાવા પણ જઈએ. એ કોતરમાં ક્યારેક વાઘ પણ દેખા દેતો હતો! બપોરે નદીમાં કે તળાવમાં ભૂસકા મારીએ. ત્યારે અમારી કરડ નદીમાં બારે માસ પાણી રહેતું. હવે માત્ર ચાર મહિના ચોમાસા પૂરતું જ નદીમાં પાણી જોવા મળે! ક્યારેક ક્યાંક વાંચ્યું હતું કે રાજા પ્રજાનો રક્ષક થઈને ભક્ષક બને, જુલમ કરે તો નદી, તળાવ અને કૂવાનાં પાણી સુકાઈ જતાં હોય છે, આજની સ્થિતિને શું કહીશું! આજે તો માણસમાંય પાણી રહ્યું નથી!

**એકડો** બરોબર ઘૂંટાઈ ગયો.

એકડા સાથે હું પણ ઘૂંટાતો રહ્યો. એકડિયામાંથી પહેલીમાં આવ્યો.

અરબી ભાષામાં કુરાન પઢતો (પઠન કરતો) થાઉં એ માટે દાદા મને મદ્રેસામાં લઈ ગયા. મૌલવી હાજી નિઝામુદ્દીનને કહ્યું, 'આ અમારો છોકરો આજથી તમારી પાસે પઢવા (ભણવા) આવશે.' મદ્રેસામાં દાખલ થવા માટે બસ આટલી જ વિધિ! ના કોઈ લખાણ કે ના કોઈ હાજરીપત્રક! મદ્રેસા પણ રજિસ્ટર થયેલી ન હોવાથી એને સરકારી ધારાધોરણ અથવા એ મુજબ પરીક્ષા પદ્ધતિ પણ નહીં! મૌલવી જ શિક્ષક અને મૌલવી જ પરીક્ષક! શાળામાં ભણતા તેજસ્વી વિદ્યાર્થી માફક ઉપલા ધોરણમાં જવા વાર્ષિક પરીક્ષાની રાહ ન જોવી પડે! વિદ્યાર્થી હોશિયાર હોય તો દર મહિને આગળ વધતો રહે! મૌલવીને રહેવા માટે આપેલો ઓરડો, એ જ મદ્રેસા! મૌલવીનો પગાર વાર્ષિક ધોરણે મુસ્લિમ સમુદાયમાંથી ઉઘરાવેલા ફાળામાંથી ચૂકવવામાં આવે. મૌલવી મદ્રેસામાં બાળકોને પઢાવે અને મોટેરાઓને મસ્જિદમાં પાંચ ટાઇમ નમાજ પઢાવે. નમાજ પઢાવનારને પેશ ઇમામ કહેવામાં આવે છે. અમારે ત્યાં પેશ ઇમામ પણ એ જ અને મુદર્રીસ (મદ્રેસા ગુરુ) પણ એ જ! એમને મહિને સાત રૂપિયા પગાર આપવામાં આવતો. એ સમયમાં એટલો પગાર પૂરતો ગણાતો હતો! વળી મૌલવીસાહેબ એકલા હતા. એમને બાલબચ્ચાં નહોતાં. એમની ફૅમિલી નહોતી. વળી ત્યારે સમાજ આજની જેમ મટિરિયાલિસ્ટિક નહોતો અને એમને પગાર ક્યાંય મોકલવાનો નહોતો.

મદ્રેસામાં પહેલા દિવસે મારી બેઠક નિશ્ચિત ન હોવાથી ઉસ્તાદે (ગુરુજીએ) મને એમની પડખે બેસાડી દીધો. ગુરુજીના પડખે મેં અદમ્ય આકર્ષણ અનુભવ્યું. અલીફ-બે (બારાખડીના મૂળાક્ષર) શીખવાનું કંટાળાજનક હોવા છતાં મદ્રેસામાં જવાનું મને ગમતું હતું. પછી તો હું એમનાં કપડાં નદીએ જઈને ધોઈ લાવતો હતો. શાળામાં રવિવારે રજા હોય ને મદ્રેસામાં શુક્રવારે રજા હોય. શુક્રવારે સવારે હું એમનાં કપડાં ધોઈ લાવતો હતો. એ મૂળ રહેવાસી ક્યાંના હતા, એ કોઈ જાણતું નથી! ભોપાલથી આવ્યા હોવાનું કોઈ કહેતું. પણ એ ખાતરીપૂર્વક કહી શકાય એવા કોઈ પુરાવા કોઈની પાસે નથી! ક્યાંકથી આવીને ધનતેજમાં વસી ગયા અને ગામ માટે વરદાનરૂપ સાબિત થયા. પછી એ ધનતેજ છોડીને ક્યાંય ગયા નહીં.

મદ્રેસામાં દાખલ થયા પછી એકસાથે બબ્બે દિશાએ મારું ભણવાનું ચાલુ થઈ ગયું હતું. સવારે આઠથી દસ મદ્રેસામાં અને એ પછી અગિયારથી પાંચ શાળામાં મારો સમય

પસાર થવા લાગ્યો. હવે રમવાનું ઘટી ગયું હતું. સાંજે પાંચ પછી જ રમવાનો સમય મળે. એમાંથી આવતી કાલ માટેનું લેસન તૈયાર કરવાનો સમય ફાળવવો પડે. કલાક-દોઢ કલાક પછી તો સાંજ ઢળી જતી અને ગામનાં ઘરોમાં દીવાબત્તી થઈ જતી. ત્યારે વીજળીકરણ જેવો શબ્દ મારા ગામ સુધી પહોંચ્યો નહોતો. ચીમની, ફાનસ અથવા ખડિયા સળગી જતાં. એમાં ઘાસતેલ સાથે જીવ પણ બળતો હોવાથી ઝટ ખાઈને નવરા થઈ જવાની પ્રથા હતી. દીવાબત્તી થતાં જ જમવા બેસી જવાનું. જમીને ઊઠ્યા નથી કે તરત જ ખાટલા પથરાઈ જતા અને ડામચિયા ખાટલામાં ઠલવાઈ જતા. રાતના સાડા આઠ-નવ સુધીમાં તો આખું ગામ રગડા જેવું અંધારું ઓઢીને ઘસઘસાટ પોઢી જતું.

અલીફ-બેની તખ્તી અને સિપારો પૂરો કરીને હું કુરાનના અભ્યાસમાં પ્રવેશ્યો હતો. આને અભ્યાસ તો ન જ કહેવાય! અરબી લિપિમાં કુરાનની આયાતો તો હું સડસડાટ વાંચી જતો હતો પરંતુ એમાં અરબી અક્ષરોની ઓળખ અને ઉચ્ચાર સિવાય વિશેષ કશું પામી શક્યો નહોતો. આજે પણ એનો અભાવ ડંખે છે.

અમારા ઉસ્તાદ હાજી નિઝામુદ્દીન (હાજીબાબા) બીમાર પડ્યા. આમ તો એ ખાસા વૃદ્ધ પણ થયા હતા. વૃદ્ધાવસ્થાને કારણે કાયા પણ ક્ષીણ થઈ ગઈ હતી. જીવનભર એમણે પોતાની કાયાને પ્રવૃત્તિમય રાખી હતી. પાંચ ટાઇમ નમાજ પઢાવે. મદ્રેસામાં બાળકોને શિક્ષણ આપે. નવરાશના સમયે ટોપીઓ બનાવતા હતા. એમને જાતજાતનાં પક્ષીઓ પાળવાનો શોખ હતો. શુક્રવારે જ્યાફ્ત કરવાનો શોખ હતો. શુક્રવારે નમાજીઓની સંખ્યા ખાસી વધી જતી હતી. એ બધા માટે ચાનું તપેલું ચડી જતું. ક્યારેક ખીર પણ બનતી. એમનો માસિક પગાર સાત રૂપિયા હતો! સવાર-બપોરનો ચા-નાસ્તો અને બે ટાઇમ જમવાનું ગામમાંથી આવી જતું. એ માટે દરેકને ત્યાં આઠ આઠ દિવસના વારા બાંધવામાં આવ્યા હતા. રહેણીકરણી પરથી ઓલિયાશિફ્ત શખ્સિયતનો એહસાસ કરાવે. કોઈ કારણસર રેલગાડીના પ્રવાસનો એમણે ત્યાગ કર્યો હતો. કોઈના દીકરાનાં લગ્નની જાનમાં જવાનો કોઈ આગ્રહ કરે તો એ તૈયાર થઈ જતા પરંતુ ટ્રેનમાં જાન જવાની હોય તો એ ના પાડી દેતા હતા. ટ્રેનના પ્રવાસના આવા ત્યાગ પાછળનું કારણ કોઈને જાણવા મળ્યું નથી! લોકો એમનો આદર કરતા અને એ પણ નાનામોટા સૌનો આદર કરતા હતા.

હાજીબાબા બીમાર પડ્યા ત્યારે એમની તહેનાતમાં મદ્રેસામાં જતા છોકરાઓમાંથી કોઈ બે છોકરા વારાફરતી કાયમ એમની પાસે રહેતા હતા. એ માટે બબ્બે કલાકના વારા નક્કી કરવામાં આવ્યા હતા. ગરમીના દિવસો હતા. બે છોકરા વારફરતી એમને પંખો નાખ્યા કરે. મારો વારો આવ્યો ત્યારે એહમદ મારી સાથે હતો. હાજીબાબાએ પાણી માગ્યું. મેં એહમદને પાણીનો ગ્લાસ ભરી લાવવા કહીને હાજીબાબાને મારા હાથના ટેકે બેઠા કર્યા. એમનું માથું અને ગરદન મારા હાથ પર ટેકવાયેલાં હતાં. પાણી પીને ગ્લાસ પાછો આપ્યો. એ ગ્લાસ હજી તો મારા હાથમાં જ હતો અને એમણે મારા હાથ પર જ માથું ઢાળી દીધું.

આવી ઓલિયાશિફ્ત શખ્સિયતની છેક છેલ્લા શ્વાસ સુધી ખિદમત કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. ગામમાં એમની મઝાર છે અને 1957માં સૌ પ્રથમ એમના ઉર્સનું

આયોજન કર્યું. કવ્વાલીનો પ્રોગ્રામ રાખ્યો. એમાં કવ્વાલીના શોખીન અમારા સગા પણ ખરા ને મિત્ર પણ ખરા એવા ડેસર ગામના બચુ જમાદાર અને વચ્છેસરના મઝહર જમાદારની કવ્વાલ પાર્ટીએ મુકાબલાની રમઝટ બોલાવી. મઝાર પાસે જ પ્રોગ્રામ રાખ્યો હતો. જમીન પર આથર પાથરી દીધો હતો. સ્ટેજ જેવું કશું જ નહીં. બીજા વર્ષે ગામના સહયોગથી પ્રૉફેશનલ કવ્વાલોને બોલાવ્યા. એ સિલસિલો આજે પણ ચાલુ છે. આજે પણ હાજીબાબાનો ઉર્સ ધામધૂમથી ઊજવાય છે. હવે ગામના મુસ્લિમ યુવાનોની નવી પેઢી આ કાર્યભાર સંભાળે છે.

**સવારના** ચાર વાગ્યાથી કૂકડાઓ રાતને પીંખવા મંડી પડતા. અડધા કલાક પછી બીજી વાર કૂકડા બોલતા! ત્યારે ગામમાં ઘડિયાળ રાખવાનો રિવાજ પ્રચલિત થયો નહોતો! અધમધ રાતે જાગી જતા લોકો આકાશમાં તારા જોઈને કેટલા વાગ્યા એ જાણી શકતા હતા. કોઈ કહેતું કે હું પહેલા મરઘે જ જાગી ગયો હતો. કોઈ કહે, હું બીજા મરઘે જાગ્યો! આ હતું સમય જોવાનું બૅરોમીટર! સવારના પાંચ-સાડા પાંચ વાગતાં સુધીમાં તો આખું ગામ ખાટલા છોડી, આંગણામાં કે શેરીમાં ફરતું થઈ જતું. સવારનું ભૂખરું અંધારું ફંફોસવા ટેવાઈ ગયેલી આંખોને ભાગ્યે જ ચીમની કે ફાનસની જરૂર પડતી! ભેંસો દોહવાતી, દળણાં દળાતાં, વલોણાં ફરતાં, છાણ-વાસીદું થતું. આ બધી ચહલપહલમાં અંધારું છૂંદાતું, પીંખાતું પાતળું પડી જતું અને બરફના રંગ જેવો રેશમી ઉજાસ પથરાતો! ગૉગલ્સ પહેરીને બધે જોતા હોઈએ એવું લાગે! પૂર્વાકાશમાં સૂરજની ઉપલી કોર દેખાય ના દેખાય ને હળ લાકડાં સીમ ભણી વહેતાં થઈ જતાં! અને અમેય માથે ટોપીઓ પહેરી હાથમાં સિપારો (પાઠ્યપુસ્તક) લઈને મદ્રેસામાં પહોંચી જતા!

અચાનક એક દિવસ ફરી પાછી આઘાતજનક ઘટના અમારા પરિવારમાં બને છે! હું મારી મોટી બહેન સદાને ગુમાવી બેઠો! અમારા પરિવારમાં હયાત એવી ચાર પેઢી એકસામટી હચમચી ગઈ! અમે દાદા-દાદી પાસે ધનતેજમાં રહેતાં હતાં અને અમારાં વડદાદા-દાદી વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના સરડિયા ગામમાં રહેતાં હતાં. ત્યાં એમનું ઘર હતું અને ખેતીની જમીન પણ હતી. બળદો અને ભેંસો પણ હતી. એક વાર વડદાદા ઈસા વાજા ધનતેજ આવ્યા. થોડા દિવસ રહ્યા અને જતી વેળાએ મારી બહેન સદુને પણ સરડિયા સાથે લેતા ગયા. આવું અવારનવાર થતું હતું. વડદાદા-દાદી ધનતેજ આવે, થોડા દિવસ રહે અને જાય ત્યારે અમારામાંથી કોઈ એકને પોતાની જોડે સરડિયા લઈ જાય. આ વખતે સદુને લઈ ગયાં. હજી તો અઠવાડિયુંય થયું નહોતું ને મારી બહેન સદુના મરણના સમાચાર અમને મળે છે! ફરી પાછું અમારું કુટુંબ શોકાતુર થઈને જેમ નંદુરબાર ગયું હતું તેમ સરડિયા જવા રવાના થયું! સદુ સાવ સાજીમાજી ધનતેજથી સરડિયા જવા રવાના થઈ હતી. ત્યાં ગયા પછી એને તાવ આવ્યો અને ચાર જ દિવસના તાવમાં સદુનો જીવનદીપ બુઝાઈ ગયો. મૃત્યુ કુદરતી ઘટના હોવાનું માનતા હોવા છતાં હું કહી શકું કે મારા પિતા, મારો ભાઈ અને છેલ્લે આ મારી બહેનના મૃત્યુ માટે દવાઓનો અભાવ નિમિત્ત બને છે. દરેક રોગને ઓળખી શકે એટલી હદે વિજ્ઞાન વિકસ્યું નહોતું. એ માટેની દવાઓ પણ ઉપલબ્ધ નહોતી.

મારા આઠ-નવ વર્ષના કુમળા જીવનમાં ઉપરાછાપરી એક પછી એક આઘાતો મારા પર ઝીંકાયા હતા! પ્રથમ પિતાને ગુમાવ્યા પછી ભાઈ ગુમાવ્યો! અને હવે હું બહેનને ખોઈ બેઠો હતો! હવે દાદા-દાદી અને વડદાદા-દાદી સહિતના આ ભર્યાભાદર્યા પરિવારમાં હું સાવ એકલવાયો થઈ ગયો હતો! મારાં દાદા-દાદી અને વડદાદા-દાદીનું ઘડપણ અને મારું બાળપણ – આ બંને અવસ્થા આવા કારમા આઘાતો ઝીલવા અસમર્થ હતી! દાદાને એમના વંશવેલાની ચિંતાએ ભાંગી નાખ્યા! મારી મા જીવતરની લીલીછમ મોસમમાં પાનખરના વૃક્ષની જેમ ઉઝરડાઈ ગઈ હતી!

મારા દાદાજી સરડિયાનું ઘર અને ખેતરો વેચીને એમનાં માતાપિતાને સરડિયાથી ધનતેજ લઈ આવ્યા! સાસુ અને વડસાસુ સુહાગન હતાં અને જુવાનજોધ વહુ વિધવા થઈને બેઠી હતી. મારા વડદાદાની પ્રતિભા જોનારની આંખોનો થાક ઉતારી નાખે એવી હતી! ગોરો, આછીઆછી લાલાશ ધરાવતો તેજસ્વી ચહેરો! વાચાળ આંખો અને વળાંકદાર નાક. છ ફૂટ બે ઇંચની ઊંચાઈ. સપ્રમાણ કદકાઠી. 'ખુદાગવાહ' ફિલ્મમાં અમિતાભ બચ્ચનનો જે પહેરવેશ હતો એવો અસ્સલ બલૂચિસ્તાની પહેરવેશ! મૂળ ઈરાનના બલૂચિસ્તાનમાં રહેતા હતા! મારા દાદા અને વડદાદાને ગામમાં વિલાયતી કહીને સંબોધવામાં આવતા હતા! મને મારા પિતાનો ચહેરો યાદ નથી પરંતુ વડદાદા ઈસા વાજાનો ચહેરો બરોબર યાદ છે. (બલૂચી ભાષામાં ભાઈને વાજા કહેવામાં આવે છે.) હું દસ વર્ષનો થયો ત્યાં સુધી વડદાદા સાથે ખેતરોમાં ફરવા જતો હતો! મૂળ એ બલૂચિસ્તાનના મકરાન ઇલાકાના નિગોર ગામના વતની હતા!

મને મારા વડદાદા ઈસા વાજા સાથે વાતો કરવાનું અને એમની સાથે ખેતરે જવાનું ગમતું હતું. હું એમનો હુક્કો વીછળીને ચલમ ભરી દેતો હતો. સાવ ટૂંકી માંદગી અને લાંબી ઉંમરે એમનું અવસાન થયું. એ પછીના છ મહિનામાં વડદાદી દૂરનાઝનું પણ અવસાન થયું. વડદાદાના અવસાનથી મેં મનગમતો સથવારો ગુમાવ્યો હતો. પિતા, ભાઈ-બહેન અને વડદાદા-દાદીનું અવસાન! મેં જીવનમાં હજી આઠ-દસ ડગલાં ભર્યાં હતાં અને આવી નાનકડી હયાતીમાં પાંચ પાંચ મૈયતોને ઓળંગીને આગળ વધવાનું હતું! દાદાએ મને પિતાની ખોટ વર્તવા દીધી નહીં. દાદા મારા માર્ગદર્શક હતા, સાથી હતા, મિત્ર હતા!

**ચોથું** ધોરણ પાસ કરીને મેં નિશાળ છોડી દીધી!

ભણતર છોડ્યું એ સાથે દાદાની આંગળી છોડીને બાર વર્ષની ઉંમરમાં જ બળદનાં રાસ-પરોણા હાથમાં લઈને હું હળ હાંકતો અને ખેતર ખેડતો થઈ ગયો. પછી તો ખેતી માટે થતાં બધાં જ નાનાંમોટાં કામો કરવા લાગ્યો! વાવણીથી માંડીને ફસલ લણવા કે વાઢવા સુધીનાં દરેક કામમાં પારંગત થઈ ગયો! વાવણીના સમયે તરફેણ અથવા ફૈડકો હાંકીને સીધા ચાસ કાઢવા અંગે ગામમાં પ્રશંસા થવા લાગી. રેલવેના પાટા જેવા સીધા ચાસ કાઢતો હતો.

વાવેતર ચાસે પડી જાય ત્યારે બે ચાસ વચ્ચેના ઉમરામાં બરોબર કાની પકડીને કરબડી ફેરવવાની. એક જ ધૂંસરીએ બે કરબડી નાડી દેવાતી. વહેલું પરવારવું હોય તો ત્રણ કરબડી નાડવામાં આવતી અને ત્રણ વ્યક્તિઓ કરબડીનું ખીલ્યું ઝાલે. હાંકનારે એક હાથે કરબડીના ખીલ્યા પર કાબૂ રાખવાનો અને બીજા હાથે બળદોને હંકારવાના! નીંદામણ, ગોડામણ બધામાં હું જોડાયેલો હોઉં, ખેતરના શેઢેથી ચાર વાઢીને ચારનો ભારો માથે લઈને ઘરે આવું! ઢોર ચારવા પણ જાઉં! ડાંગર વાઢવાની, કરપલાં કરવાનાં, ઊડળો કરવાની, કૂંધવું કરવાનું, ચાર બળદોની પાંત જોડવાની, પાંતે ફરતા બળદનો પોદળો ખોબામાં ઝીલવાનો, ધૂળથી હથેળીઓ સાફ કરવાની, પરાળ છૂટું પાડવાનું, ડાંગર ઊપણવાની. ક્યારેક ફડક હાંકવાની ને ક્યારેક સૂપડે ધારવવાની અને ડાંગર ગાડે ભરીને ઘરે લઈ આવવાની!

પછી આવે મગફળીની સીઝન! મગફળી કાપવા મગફળીના ચાસ પર જ કરબ ફેરવવાનો. કરબ ઊછળી ન જાય એ માટે એક વધારાનો માણસ પાછલી પૂંઠે કરબ પર બેસાડવામાં આવે. કરબમાં વેલા ભરાઈ જાય તો લાત મારીને ધકેલી દે! લવારિયા પાસે જઈને પાસિયા ટિપાવવાના, દિવસમાં ત્રણેક વાર પાસિયા બદલવા પડે! રેંડા કરવાના. અઠવાડિયા પછી રેંડા સેંથલે ભેરવીને ખળામાં નાખવાના. નાની સેંથલીથી રેંડા ઝૂડવાના અને ઊપણવાનું કામ! શિયાળામાં કડકડતી ઠંડીમાં વહેલી સવારે જુવાર ટોવા જવાનું, માળે ચડીને ગોફણ વીંઝવાની અને ચકલાં ઉડાડવાનાં. ઉનાળાના ધોમ તડકે તુવરના ઠાગા ખોદવાના. કપાસની વેણો (સાંઠી) ફાંસવાની. ખાતર કાઢવાનું. પછી પંજેટીથી ખેતરમાં ખાતરની ઢગલીઓ વેરવાની. ચોમાસુ આવે તે પહેલાં જમીન તપે એ માટે બબ્બે ત્રણત્રણ વાર ખેતરો કરબવાના. માટી ઉથામવાની, શેઢા સાફ કરવાના, વાડ કરવાની, છીંડાં પૂરવાનાં, આખું વર્ષ ચાલે અથવા ચોમાસુ ચાલે એટલાં લાકડાં કાપી લાવીને ઘરભેગાં કરવાનાં અને પાછો વરસાદ આવે અને આમ એક ઋતુચક્ર પૂરું થાય.

ખેડૂતે ચોમાસાનો ધોધમાર વરસાદ માથે ઝીલવાનો, શિયાળાની હાડ થીજવતી ઠંડી ખમીસ કે બંડીભેર વેઠવાની, ઉનાળામાં ધોમધખતા તડકાને પીઠ પર લાદીને વાંકા વળવાનું. ખેડૂતને તો આ ત્રણેત્રણ ઋતુઓ એના અસલી મિજાજ સાથે માણવાની–વેઠવાની! શહેરના કવિઓ વરસાદનું એક ઝાપટું પડી જાય તો વરસાદી મઝા માણવાની આખી કવિતા ઠઠારી મારે અને લોકોને સંભળાવતો ફરે! ખેડૂત આખું ચોમાસુ માથાભેર ઝીલે અને કોઈને એક શબ્દ ના કહે! ખેડૂતના નસીબમાં માણવાનું ઓછું અને વેઠવાનું ઝાઝું હોય! એટલે જ કદાચ મારાથી વરસાદ વિશે લખાયું તે આમ લખાયું.

*તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નૈ ફાવે,*
*અમે હેલીના માણસ માવઠું આપણને નૈ ફાવે!*

કરડ નદીના કાંઠે વસેલા અમારા ધનતેજ ગામને અડીને ગામના પાદરેથી જ વિસ્તરતી આખી સીમ ગોરાટ જમીનવાળી! એ જમીનની પ્રશંસા કરતા ખેડૂતો 'પાડાની ખાંધ જેવી જમીન' કહેતા! ગોરાટ જમીનમાં એ સમયે એટલે કે હું ધનતેજ છોડીને વડોદરા આવ્યો ત્યાં સુધી મગફળીનું વાવેતર સવિશેષ હતું. એ ઉપરાંત ડાંગર, તુવર, જુવાર, બાજરી, દીવેલા અને તમાકુ થાય. પાછોતરો વરસાદ ખેંચાતો હોવાથી મગફળીનો પાક નિષ્ફળ જવા લાગ્યો! સિંચાઈની અન્ય કોઈ વ્યવસ્થા નહોતી! કૂવો ખોદે તો સો ફૂટેય પાણી ના આવે! પાણી આવે તો માંડ અડધો કલાક મશીન ચાલે ને કૂવો તળિયાઝાટક થઈ જાય. પરિણામે, સમય જતાં મગફળીનું વાવેતર ઘટવા માંડ્યું! એના સ્થાને સંકર-4 કપાસનું વાવેતર વધવા માંડ્યું. હવે તો દીવેલા વધારે થાય છે! નદીને પેલે પાર પણ અમારા ગામની સીમ વિસ્તરેલી છે એ આખી સીમ કાળી જમીન છે. કાળી જમીનમાં કપાસનું વાવેતર વધુ થાય. નદી પારની સીમમાં કામ ચાલતું હોય અથવા ઢોર ચારતા હોઈએ ને ધોધમાર વરસાદ વરસવા માંડે – ઉપરવાસમાં વરસાદ એવો જ હોય તો નદીમાં પૂર આવે જ! આ સ્થિતિમાં ખેતર નીંદવા ગયેલા મજૂરો અને ખેડૂતો વિગેરેને સામે કાંઠે આવેલા સધાપુરા ગામમાં રાતવાસો કરવો પડે. હું સામે પાર રોકાઉં નહીં! મને એમ બીજા ગામમાં રોકાઈ જવાનું ગમે નહીં! હું બળદનું પૂંછડું ઝાલીને નદીના પૂરમાં ઝંપલાવું. અમે સૌ મિત્રો તળાવમાં ભૂસકા મારતા, તરીને સામે પાર જતા, એટલે મને તરતાં તો આવડતું જ હતું. પણ તળાવમાં અને નદીનાં પૂરમાં તરવું એ આખી જુદી વાત છે. તળાવમાં સ્થિર પાણી હોય અને નદીમાં પૂર આવે તો એનું વહેણ એવું શક્તિશાળી હોય કે આપણને ઉછાળીને ક્યાંથી ક્યાં ફેંકી દે! તળાવમાં માત્ર ડૂબવાનો ભય, વહેણમાં તણાવાનો ભય નહીં. નદીના પૂરમાં ડૂબવાનો પણ ભય અને તણાઈ જવાનો પણ ભય. મોજાં એવાં ઊછળે કે તમને સરખી રીતે તરવા પણ ન દે અને આમથી તેમ ફંગોળે. ફૂંફાડા મારતાં પાણીનાં મોજાં આપણા માથા પરથી પસાર થાય ત્યારે હામને ટકાવી રાખવાનું કાર્ય બહુ મુશ્કેલ હોય છે. આવી સ્થિતિમાં હું બળદનું પૂંછડું તાકતભેર પકડી રાખું. પણ એક વાર બળદનું પૂંછડું ઝાલીને નદીની વચ્ચોવચ પહોંચ્યો ત્યારે ઝાડી-ઝાંખરાવાળું એક મોટું ધૂંગું તણાઈને અમારી સાથે વહેવા લાગ્યું. ધૂંગાને આગળ વધવું હોય તો મારા માથા પરથી પસાર થવું પડે અને જો એવું જ થાય તો મારી સ્થિતિ કેવી થઈ જાય એવા વિચાર સાથે મેં ધૂંગા તરફ ધ્યાનથી જોયું અને મારી હિંમતની નસો

તૂટવા માંડી. ધૂંગાની ટોચ પરની ડાળીને વીંટળાઈને કાળો લાંબો સાપ બેઠો હતો. જીવનમાં પહેલી વાર હું ભયભીત થયો. ડરના માર્યા મારા હાથમાંથી બળદનું પૂંછડું છૂટી ગયું. નદીના પૂરમાં અધવચ્ચે જ હું નિરાધાર થઈ ગયો. મેં તરવા માંડ્યું.

*ત્યાં ત્યાં નીડર થયો જ્યાં ડરવું પડ્યું છે મારે,*
*ડૂબી જવાની બીકે તરવું પડ્યું છે મારે.*

નદીની અધવચ્ચેથી હું તરીને પાર ઊતર્યો. એ પછી નદીમાં ઘોડાપૂર આવ્યાં હોય કે ડુંગરપુર આવ્યાં હોય પણ મેં ક્યારેય બળદનું પૂંછડું ઝાલ્યું નથી! ગમે તેવા પૂરમાં છાતીભેર તરીને પાર ઊતર્યો છું.

નદીથી ખાસું દૂર – ટેકરા પર મહાદેવજીનું મંદિર છે. નદીનાં પૂર પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે એ મંદિરની ચારેતરફ પાણી ફરી વળે અને મંદિર ટાપુ બની જાય. ગામલોકો ભયભીત થઈને પાણીની ધારે સળગતાં કોડિયાં મૂકે અને પૂર ઓસરવાની પ્રાર્થના કરે. આવા મહાદેવજીને ઘેરો ઘાલતા પૂરમાં પણ મેં અનેક વાર ઝંપલાવ્યું છે અને તરીને નદી પાર કરી છે! જ્યારે જ્યારે આવું પૂર આવે અને હું નદીને પેલે પાર છું એવી ગામલોકોને જાણ થાય તો સાંજના સમયે ગામના પાંચપચીસ માણસો મને નદીમાં તરીને આવતો જોવા માટે નદીના કાંઠે ટેકરા પર આવીને ઊભા થઈ જાય!

મારું ગામ ધનતેજ ખૂબ ઊંડાણમાં આવેલું છે. એ સમય પાકા રસ્તા પણ નહીં અને ગાડા-ડમણિયા સિવાય બીજા કોઈ વાહનવ્યવહાર પણ નહીં. ધનતેજ આજે જેટલું હાથવગું છે એવું ત્યારે નહોતું. સાત-આઠ કિલોમીટર ચાલીએ ત્યારે રેલવે સ્ટેશન આવે એટલે ગામના લોકો આસપાસનાં ગામોમાં પગપાળા અંતરે આવજા કરે, પરંતુ શહેરમાં જવાનું ટાળે! ખૂબ જ અગત્યનું હોય ને ન છૂટકે જ શહેરમાં કે લાંબા અંતરે કશે જવાનું સાહસ કરે! પુરુષો એકલા તો વડોદરા-દિલ્હી લાઇનમાં આવેલા ચાંપાનેર રોડ રેલવે સ્ટેશન પર ચાલીને પહોંચી જાય. પરંતુ બૈરાં-છોકરાઓ સાથે જવા-આવવાનું થાય ત્યારે ડમણિયું જોડવું જ પડે!

લગ્નની જાનમાં ખરી મઝા આવે! લગ્નની જાન પણ ગાડા-ડમણિયામાં જ આવતીજતી હતી. ડમણિયામાં હાંકનારાઓમાં આગળ નીકળી જવાની હરીફાઈ જામે. આવું એક દશ્ય મહેબૂબખાનની ફિલ્મ ‘મધર ઇન્ડિયા’માં ‘ગાડીવાલે ગાડી ધીરે હાંક રે!’ ગીત સાથે જોવા મળે છે. આ હરીફાઈ એટલા માટે થતી કે જેનું ડમણિયું સૌથી પહેલાં કન્યાના માંડવે પહોંચે એ ડમણિયાના હાંકનારને સવા રૂપિયો રોકડો અને એક શ્રીફળ આપવામાં આવે અને બંને બળદોને પોલા વાંસની નાળ એવી એક નાળ શુદ્ધ ઘી પાવામાં આવતું હતું! વાંસની નાળનું આગળનું મુખ વાંસળીની જેમ ત્રાંસું કાપેલું હોય. આ ઇનામ દસ વર્ષ સુધી – એટલે કે ધનતેજ છોડીને વડોદરા રહેવા આવ્યો ત્યાં સુધી મેં બીજાના હાથમાં જવા દીધું નથી. આજે પણ એ વાતના સાક્ષી ગામમાં મોજૂદ છે! મને ઇનામરૂપે મળતાં એ શ્રીફળ અને સવા રૂપિયા અંગે આજે વિચારું છું તો એની સામે ઑસ્કર ઍવૉર્ડ મને તુચ્છ લાગે છે. આજે માણસોને ખાવા નથી મળતું એવું શુદ્ધ ઘી બળદોને પિવડાવાતું હતું! ડમણિયા સ્પર્ધાની સફળતાનો બધો યશ હું મારા બળદોને આપું છું. મારા બળદો કરતાંય તાકતવાળા અને

ફાળ ભરીને ચારે પગે દોડતા બળદો પણ હતા. પણ એ બળદો આગળવાળા ડમણિયાનું પૂજેઠિયું ના છોડે! આગળ દોડતા ડમણિયાની પૂંઠે પૂંઠે જ દોડે. એમને ઑવરટેક કરાવવા હાંકનારને ખૂબ જ મહેનત કરવી પડે. બળદોને પરોણીની આર ઘોંચી ઘોંચીને થાકી જવું પડે! મારા બળદોને મેં સરકસના પ્રાણીની જેમ કેળવ્યા હતા. મારે એમને હાંકવા માટે પરોણી રાખવાની કે આર ઘોંચવાની જરૂર પડતી નહોતી. ડમણિયાની આગલી પાટલી પર બંને બાજુ પગ લટકાવીને બેસું અને પગની ઠેસ જરાક અડાડું ને બળદો ફાળ ભરતા! બીજા બળદો થોડું દોડ્યા પછી ફાળ ભરે, મારા બળદો પ્રથમ ડગલે જ લાગલી ફાળ ભરતા હતા. મારા બળદોની એક ખાસ ખૂબી એ હતી કે ઑવરટેક કરવા માટે મારે જે બાજુએ વાળવા હોય એ બાજુ અછોડાનો એક હળવો ઇશારો કાફી હતો. સાઇકલની જેમ આ તરફથી પેલી તરફ અને પેલી તરફથી આ તરફ આવી જતા હતા. બીજા બળદોને દોડાવવા માટે અને ઑવરટેક કરાવવા મથામણ કરવી પડતી, ત્યાં સુધીમાં તો મારું ડમણિયું ત્રણચાર ડમણિયાંને ઑવરટેક કરી ગયું હોય!

ગામમાં મને સૌથી નોખો તારવી આપતી બાબતોમાં એક તો ખેતરમાં સીધા ચાસ કાઢવાની બાબત, નદીના પૂરમાં તરવાની બાબત અને જાનમાં સૌથી મોખરે ડમણિયું લઈ જવાની બાબત! આમાં ચોથી બાબત ઉમેરાય છે, તે છે કવિતા! કવિતા મારામાં અણધારી અને ઓચિંતી આવી હતી. કવિતાની પહેલી પંક્તિ આવી ત્યારે હું ખેતરના શેઢે ચાર વાઢતો હતો અને મારા હાથમાં કલમને બદલે દાતરડું હતું!

**બાળપણ** તો ક્યારનો હું ગુમાવી ચૂક્યો હતો! કિશોરાવસ્થાને પણ એને જોઈતી ધીંગામસ્તી હું આપી શક્યો નહીં! ખેતી સિવાય બીજો કોઈ વ્યવસાય નહીં! ઉનાળામાં છૂટોછવાયો થોડો સમય મળી રહે. ગિલ્લી-દંડા, હૂતૂતૂ, ગેડી-દડા, આંબલીપીપળી, તળાવને કાંઠે તળાવ તરફ નમી પડેલા આમલીના ઝાડ પર ચડીને ભૂસકા માર્યા છે! તળાવમાં આ પારથી પેલે પાર તરવા પડ્યો છું! નદીના કાંઠા ઉપર જ અમારું ગામ. ત્યારે નદીમાં બારેમાસ પાણી રહેતું! ગામની હદમાં જ નદીમાં ત્રણ ધરા પડ્યા હતા. શીશમકૂંડી અને ચમરકૂંડી, આ બે મોટા ધરા! વચ્ચે કંજિયા આરાનો નાનો ધરો! નાનો તો ય એ ધરામાં ભૂસકા મારવા કે તરવા જેટલું પાણી તો ખરું જ! ચમરકૂંડી મોટો ધરો; ત્યાં તો અમે બળદોને નવડાવીએ! ખાતર કાઢવામાં લાગલગાટ ચારપાંચ દિવસ ગાડાં ખેંચ્યાં હોય ત્યારે અમે બળદોને તરવા માટે ધરામાં ફેરવીએ! તરવાથી બળદનો થાક ઊતરે, એવું કહેવાતું હતું! નદીમાં નવડાવ્યા પછી બળદને મીઠાવાળા ગરમ પાણીથી ઘરે નવડાવીએ! આ બધું રમતમાં થતું હતું ને રમતમાં પ્રવૃત્તિ પણ ભળી જતી હતી! આમ કિશોરાવસ્થાને મારાથી ઊજવી શકાય એમ ઊજવી છે!

રમતગમત મારો ગમતો વિષય છે! ઉત્સવો અને ઉજાણીઓ પણ મારા માટે ઉત્સાહજનક હોવા છતાં નાની ઉંમરે જ લગાતાર આવી પડેલા આઘાત-પ્રત્યાઘાતોએ મને થોડોક ઠાવકો બનાવી દીધો! મારે ઠાવકા થવું પડ્યું! એને કારણે મારી ઉંમરના મિત્રો પણ મારાથી દૂર ફંટાઈ ગયા! મુમતાઝ, નજરૂ, વાજા અને અહેમદ, વિગેરે મિત્રોને મસ્તીતોફાન કરવા જોઈએ. મારી વાતોમાં એમને મઝા ના આવે! આમેય મારી દુનિયા હવે બદલાઈ ગઈ હતી! હવે નટુ બારોટ, બળદેવ કે. બારોટ અને બળદેવ પી. બારોટ, મગન ચતુર, ચંદુ માધા, બેચર જીવા, અંબાલાલ હઠી, મંગુ પટેલ, કાન્તિ પટેલ, ઘનશ્યામ પટેલ, કનુ પટેલ, કંચન પટેલ, ગબા કોયા, રામા મરઘા, વિગેરે મિત્રો સાથે મારું હળવામળવાનું વધી ગયું. શાળામાં સાથે ભણતા મિત્રોમાંથી કેટલાક મિત્રો ધનતેજથી ચાર કિલોમીટર દૂર સાંઢાસાલ ગામે ભણવા જવા લાગ્યા. પગે ચાલીને આવજા કરે! એક-બે મિત્રો પાસે સાઇકલ પણ ખરી! કાચી સડક હતી. ત્યારે પાકા રસ્તા પણ થયા નહોતા! દળદાર ધૂળમાં સાઇકલ ચલાવવી બહુ અઘરું હતું! જ્યાં ઓછી અવરજવરને કારણે માટી ઓછી વટાઈ હોય ને ધૂળ ઓછી હોય એવી સડકની ધારે ધારે સાઇકલ ચલાવવી પડતી હતી! મારું જીવન ખેતીમાં અને ઢોરઢાંખરમાં સીમિત થઈ ગયું હતું! મુમતાઝ મિત્રટોળકીનો સરદાર! જબરો મસ્તીખોર! આંખની પણ શરમ રાખ્યા વગર મોટી ઉંમરના માણસનીય મશ્કરી કરે અને પછી ગેલમાં

આવી એકબીજાને તાળી આપીને કેટલીય વાર સુધી હસ્યા કરે! નજરૂ અને વાજા થોડી મર્યાદા રાખે પણ મુમતાઝને સળી કરી આપે ને મુમતાઝ ગેલમાં આવી જતો! મારા પિતા વિશે મને જાણ નથી અને એમનો સહવાસ પણ મને મળ્યો નથી! હું દાદાના સહવાસમાં રહ્યો, એટલે મારામાં દાદાના ગુણ ઊતરે એ સ્વાભાવિક છે! આમ તો એ મારા દાદા મટીને મારા મિત્ર બની ગયા હતા! એમની તાસીર મારામાં આવે જ! દાદાના સ્વભાવની વાત કરું તો ટૂંકમાં, કૂતરાને હડે કહેવું હોય તોય બે વાર વિચારે પછી હડે કહે! ખાટલા સાથે અથડાય તો ખાટલાને સૉરી કહે એવા મારા દાદા હતા!

આનાથી વિપરીત મારી માનો સ્વભાવ લહાય જેવો થઈ ગયો હતો! અકાળે વૈધવ્યના કારણે માનો સ્વભાવ બદલાઈ ગયો હતો. ને એ કારણે ઘરમાં ક્યારેક કજિયો શરૂ થઈ જાય તો એમને ચૂપ કરાવવામાં બે દિવસ લાગે! કોઈના કહેવાથી ચૂપ ના થાય, બે દિવસ બોલી બોલીને આપમેળે જ શાંત થઈ જાય! એ સામે દાદા-દાદીની અપાર સહનશક્તિને કારણે ન થવા જેવું કશું થાય નહીં! ને એટલે જ મોટા ભાગનો કજિયો તો થોડી વારમાં જ શાંત થઈ જતો હતો! મારા મોટા મામાના દીકરા બાબુભાઈને ખબર પડે તો માનું ઉપરાણું લેવા ક્યારેક દોડી આવે અને મારા દાદાને એલફેલ બોલી જાય. ટાઢા પડી ગયેલા કજિયામાં પાછો ઊંબાડિયું સંકોરી આપે! મને આ બધું ગમે નહીં! મારા દાદાને ગમે તેમ બોલી જાય એ મને જરાય ન ગમે. પણ હું કશું બોલી શકું નહીં! પણ ત્યારે મને એ વાતનો એહસાસ થતો કે સહનશક્તિની પણ એક હદ હોય છે! એક વાર મારી માએ દાદા-દાદી સાથે કજિયો કર્યો. મેં વચ્ચે પડીને કજિયો શાંત પાડી દીધો! બધું શાંત થઈ ગયું હતું ને એવામાં બાબુભાઈ ફળિયાના નાકેથી જ તોડી નાખું, ફોડી નાખું કરતા આવ્યા અને મારા દાદાને એલફેલ બોલવા લાગ્યા અને મારો પિત્તો ગયો! હું ઓશરીની ઓટલી પર બેઠો હતો. નજીકમાં જ ડંગોરું પડ્યું હતું. હું ડંગોરું લઈને ઊભો થઈ ગયો! તારી તો...! હું ડંગોરું ઉગામીને બાબુભાઈ સામે ધસી ગયો. મારી સામે રહેતા છગન મથુરે મને પકડી લીધો! પછી તો મારી મા પણ દોડી આવ્યાં. બાબુભાઈ તો આ ઓચિંતા હુમલાથી સાવ ડઘાઈ જ ગયા! મારી માએ મને ઠપકો આપતાં કહ્યું, 'તારાથી મોટો છે એના પર હાથ ઉગામતાં તને શરમ નથી આવતી?'

'મારા દાદા એનાથી મોટા છે. મારા દાદાને ગમે તેમ બોલતાં એમને શરમ ના આવતી હોય તો...!'

'પણ આમ કંઈ મારવા ધસી જવાનું?'

'હા! શા માટે એ જ્યારે ને ત્યારે અહીં દોડી આવે છે? મારા ઘરના ઝઘડામાં બહારના માણસને માથું મારવાની શી જરૂર છે?'

'પણ એ બહારનો નથી!' માએ કહ્યું – 'એ મારો ભત્રીજો છે!'

'પણ આ ઘર તમારા ભત્રીજાનું નથી. મારા દાદાનું ઘર છે! એને કહી દો, બહુ દિવસ મેં સહન કર્યું, હવે સહન નહીં થાય! એ મને થપ્પડ મારશે તો સાંખી લઈશ પણ મારા દાદા વિશે એલફેલ બોલશે તો માથું ફાડી નાખીશ!'